(30)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૨)**

૧. સમણોऽહં **સંજય વિરય પડિહય પચ્ચકખાય પાવકમ્મો અનિયાણો** દિટ્ઠિ સંપન્નો

૨. વણ કમ્મે **સાડી કમ્મે ભાડી કમ્મે ફોડી કમ્મે દંત વાણિજ્જે લકખ વાણિજ્જે કેસ વાણિજ્જે** રસ વાણિજ્જે

૩. કિત્તિય **વંદિય મહિયા જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા** આરુગ્ગ

૪. અણાચારો **અણિચ્છિયવ્વો અસાવગ પાઉગ્ગો નાણે તહ દંસણે** ચરિત્તાચરિત્તે

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૪)**

| | જવાબ |
|---|---|
| ૧. અબ્ભણુણ્ણાએ | **આજ્ઞા** |
| ૨. ઘોસહીણં | **શુદ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય** |
| ૩. મવ્વાબાહ | **અવ્યાબાધ–બાધા પીડા રહિત** |
| ૪. લૌકિક મિથ્યાત્વ | **આ દુનિયામાં જે દેવ,ગુરુ, ધર્મની વિપરીત સ્થાપના કરેલી છે, તેમને માનવા** |
| ૫. પિત્તેસુ વા | **લાલ પીળા પિત્તમાં ઉપજે તે** |
| ૬. કંદપ્પે | **વિષય વિકાર વધે તેવા વચનો બોલવા** |
| ૭. સંભિમં | **સળેખમ (કફ) થાય** |
| ૮. પમાયાચરિયં | **પ્રમાદ કરવાથી** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૪)**

| | મૂળ પાઠ | | મૂળ પાઠ |
|---|---|---|---|
| ૧. ભાવથી આપતો થકો | **પડિલાભેમાણે** | ૨. આરાધવાના | **આરાહણાના** |
| ૩. સાધુ ભગવંતો લોકમાં ઉત્તમ છે | **સાહૂ લોગુત્તમા** | ૪. વાંકું બોલવું | **પરપરિવાદ** |

**(ડ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. અનસનના પાઠમાં શરીર માટે કયા શબ્દોથી ઉપમા આપી છે? મૂળ પાઠ લખો.

**જ. ઈટ્ઠં, કંતં, પિય, મણુન્નં, મણામં, ધિજ્જં, વિસાસિયં, સમયં, અણુમયં, બહુમયં, ભંડ કરંડગ સમાણં, રયણ કરંડગ ભૂયં.**

૨. જગતમાં મંગળ કેટલા છે? શા માટે મંગળરૂપ બતાવ્યા છે?

**જ. ૪. અરિહંત ભગવાને ઘાતી કર્મો ક્ષય કરીને, સિદ્ધ ભગવાને આઠ કર્મો ક્ષય કરીને, સાધુ ભગવાને સંયમ–તપનું પાલન કરીને પોતાના આત્માનું મંગલ કર્યું છે. કેવળી પ્રરૂપિત ધર્મ વડે આપણે પણ ધર્મી, ત્યાગી, વીતરાગી અને સિદ્ધ બની શકીએ છીએ, માટે તે મંગલરૂપ છે.**

૩. પરિગ્રહ અને લોભમાં શું ફેર છે?

**જ. પ્રાપ્ત વસ્તુનો સંગ્રહ કરવો, નવી વસ્તુઓ ગ્રહણ કરવી અને તેના પ્રત્યે મમત્વ રાખવું તે પરિગ્રહ છે. અપ્રાપ્ત વસ્તુની ઈચ્છા, પ્રાપ્ત વસ્તુ છોડવાના ભાવ ન કરવા તે લોભ છે.**

૪. અસંજ્ઞી પંચેન્દ્રિયમાં કોનો કોનો સમાવેશ થાય છે?

**જ. સંમૂર્ચ્છિમ મનુષ્યો અને જળચર, સ્થળચર, ઉરપર, ભૂજપર અને ખેચર આ પાંચ અસંજ્ઞી તિર્યંચ પંચે.નો સમાવેશ થાય છે.**

૫. પાણીમાં જીવ ન માનવો, આત્માને અંગૂઠા જેવડો માનવો, તીર્થંકરની આરતી કરવી, માત્ર ક્રિયાને જ માને આ કામ કરવાથી કયા મિથ્યાત્વ લાગે?

**જ. જીવને અજીવ શ્રદ્ધે તે મિથ્યાત્વ, જિનમાર્ગથી ઓછું પ્રરૂપે તે મિથ્યાત્વ, લોકોત્તર મિથ્યાત્વ, કુપ્રાવચન મિથ્યાત્વ.**

(૫૦)

**પ્ર.૨ (અ) છ આરાના આધારે લખો. (૨૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. અવસર્પિણીનો ચોથો આરો કેટલા વર્ષનો છે? ત્યારે કેટલી અવગાહના, આયુષ્ય, સંઘયણ, સંસ્થાન હોય? જંબૂસ્વામી મોક્ષે પધાર્યા પછી કેટલા અને કયા બોલ વિચ્છેદ ગયા? (૫)

**જ. એક ક્રોડાક્રોડી સાગરોપમમાં ૪૨૦૦૦ વર્ષ ઓછા, બેસતા આરે અવગાહના ૫૦૦ ધનુષની, ઉતરતા આરે ૭ હાથની અવગાહના, બેસતા આરે આયુષ્ય ક્રોડ પૂર્વનું, ઉતરતા આરે આયુષ્ય સો વર્ષનું, છ સંઘયણ, છ સંસ્થાન. જંબૂસ્વામી મોક્ષે પધાર્યા પછી આ ૧૦ બોલ વિચ્છેદ ગયા – કેવળજ્ઞાન, મન:પર્યવજ્ઞાન, પરમ અવધિજ્ઞાન, યથાખ્યાત ચારિત્ર, પરિહાર વિશુદ્ધ ચારિત્ર, પુલાક લબ્ધિ, ક્ષપક શ્રેણી, ઉપશમ શ્રેણી, આહારક શરીર, જિનકલ્પીપણું.**

૨. ઉત્સર્પિણી કાળના કયા આરામાં પહેલા તીર્થંકર થશે? તેમનું નામ શું? તેઓ હાલમાં ક્યાં છે? કોનો જીવ છે? ત્યાં તેમનું આયુષ્ય કેટલું હશે? (૨×૫)

**જ. ઉત્સર્પિણી કાળના ત્રીજા આરામાં. મહાપદ્મ સ્વામી. તેઓ હાલમાં પ્રથમ નરકમાં છે. શ્રેણિકનો જીવ છે. ૭૨ વર્ષનું.**

૩. પાંચમા આરાના ૧ થી ૪ લક્ષણ લખો.

**જ. ૧) મોટા નગર તે ગામડા સરખા થશે. ૨) ગામડા તે સ્મશાન સરખા થશે. ૩) ઊંચા કુળના સંતાનો તે દાસ, દાસી સરખા એટલે કે નીચા કુળના થશે. ૪) પ્રધાનો લાલચુ થશે.**

૪. ઋષભદેવ ભગવાનના કયા કલ્યાણક ઉત્તરાષાઢા નક્ષત્રમાં થયા?

**જ. સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવીને મરૂદેવી રાણીની કુક્ષિમાં ઊપજ્યા, જન્મ થયો, રાજ્યાભિષેક, દીક્ષા લીધી, કેવળજ્ઞાન પામ્યા.**

૫. એક કાળચક્ર કેવી રીતે થાય છે?

**જ. દશ ક્રોડાક્રોડી સાગરોપમના અવસર્પિણી કાળના છ આરા હોય છે તથા દશ ક્રોડાક્રોડી સાગરોપમના ઉત્સર્પિણી કાળના છ આરા હોય છે, એમ કુલ વીસ ક્રોડાક્રોડી સાગરોપમનું એક કાળચક્ર થાય છે.**

૬. જુગલિયા પરભવનું આયુષ્ય ક્યારે બાંધે? કઈ ગતિમાં જાય? તેઓને કયા કયા સુખ હોય?

**જ. આયુષ્યના છ મહિના બાકી રહે તે વખતે જુગલિયા પરભવનું આયુષ્ય બાંધે. તેઓ દેવ ગતિમાં જાય. વેર નહિ, ઝેર નહિ, ઈર્ષ્યા નહિ, જરા (ઘડપણ) નહિ, રોગ નહિ, કુરૂપ નહિ, પરિપૂર્ણ અંગ–ઉપાંગને વિશે સુખ ભોગવે, તે પૂર્વના દાન–પુણ્યના ફળ જાણવા.**

**(૨) ખાલી જગ્યા પૂરો. (૫)**

૧. ...... ના મૂળમાં ....... બિલ હશે.

**જ. વૈતાઢ્ય પર્વત, ૭૨**

૨. ધૃતમેઘથી ધરતી ...... બનશે. તેમાં ...... ઉત્પન્ન થશે.

**જ. સ્નિગ્ધ, ચીકાશ**

૩. અકર્મભૂમિના ....... અને ....... માં અવસર્પિણીના બેસતા પહેલા આરા જેવા ભાવો સદાકાળ વર્તે છે.

**જ. દેવકુરુ, ઉત્તરકુરુ**

૪. ઉત્સર્પિણીના પહેલા આરામાં ધરતીની સરસાઈ ....... અને એ આરો ....... નામે જાણવો.

**જ. રાખ, દુ:ષમ દુ:ષમ**

૫. અવસર્પિણીના છટ્ઠા આરાની ગતિ ...... અને ...... હશે.

**જ. નરક, તિર્યંચ**

**(બ) કર્મપ્રકૃતિના આધારે લખો. (૨૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૮)**

૧. વેદનીયકર્મના ભેદ કેટલા? કેટલા પ્રકારે બાંધે? તેમાં શાતાવેદનીય કેટલા પ્રકારે બાંધે? નામ લખો. (૫)

**જ. બે–શાતા વેદનીય, અશાતા વેદનીય. ૨૨ પ્રકારે. ૧૦ ૧) પાણાણુકંપયાએ ૨) ભૂયાણુકંપયાએ ૩) જીવાણુ–કંપયાએ ૪) સત્તાણુકંપયાએ બહૂણં પાણાણં ભૂયાણં જીવાણં સત્તાણં ૫) અદુક્ખયણાએ ૬) અસોયણાએ ૭) અઝૂરણયાએ ૮) અટિપ્પણયાએ ૯) અપિટ્ટણયાએ ૧૦) અપરિયાવણયાએ.**

૨. પ્રત્યેક પ્રકૃતિ કેટલી? કઈ કઈ? નામ લખો. (૩)

**જ. ૮ – અગુરુલઘુ નામ, ઉપઘાત નામ, પરાઘાત નામ, ઉચ્છ્વાસ નામ, ઉદ્યોત નામ, આતાપ નામ, તીર્થંકર નામ, નિર્માણ નામ.**

૩. મનુષ્ય અને દેવનું આયુષ્ય કેટલું? (૨×૫)

**જ. મનુષ્યનું આયુષ્ય જ. અંત. ઉ. ૩ પલ્ય ને ૩ પૂર્વક્રોડ વર્ષનો ત્રીજો ભાગ અધિક. દેવનું આયુષ્ય જ. દશ હજાર વર્ષ ઉ. ૩૩ સાગર ને ૩ પૂર્વક્રોડ વર્ષનો ત્રીજો ભાગ અધિક.**

૪. જ્ઞાનાવરણીય કર્મ ભોગવવાના ૫ કારણમાંથી શ્રુત જ્ઞાનાવરણીય અને મનઃપર્યવ જ્ઞાનાવરણીય કેવી રીતે ભોગવે?

**જ. શ્રુત જ્ઞાનાવરણીય – શબ્દ દ્વારા થતું અર્થનું યથાર્થ જ્ઞાન અથવા સૂત્ર સિદ્ધાંતનું જ્ઞાન તે શ્રુત જ્ઞાન છે. તેના પર આવરણ તે શ્રુત જ્ઞાનાવરણીય.**

**મનઃપર્યવ જ્ઞાનાવરણીય – અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી જીવોના મનના ભાવોને જાણનારું જ્ઞાન તે મનઃપર્યવ છે, તેના પર આવરણ તે મનઃપર્યવ જ્ઞાનાવરણીય.**

૫. અશુભ નામ કર્મ કેટલા અને કયા કયા પ્રકારે બાંધે?

**જ. ચાર. કાયાની વક્રતા, ભાષાની વક્રતા, ભાવની વક્રતા, વિસંવાદ યોગ : તે ખોટા ઝઘડા, વિખવાદ કરે.**

૬. કર્મને સ્પષ્ટ સમજાવનારી વાત કયા સૂત્રમાં છે? કઈ કઈ તે લખો.

**જ. ઉત્તરાધ્યયન સૂત્ર. ૧) જીવના પોતાના જ રાગ–દ્વેષના પરિણામથી કર્મ બંધાય છે. ૨) કર્મ કર્તાને અનુસરે છે. ૩) કરેલા કર્મ ભોગવ્યા વિના જીવનો મોક્ષ થતો નથી.**

૭. હું કયા કર્મની પ્રકૃતિ છું? – રૂપ અમદ, ભોગાંતરાય, નોકષાય, પ્રચલા.

**જ. ગોત્ર કર્મની, અંતરાય કર્મની, મોહનીય કર્મની, દર્શનાવરણીય કર્મની.**

૮. વ્યાખ્યા લખો. – અપવર્તન, ઉદ્યોત નામ, દંસણ અંતરાયેણં, અરતિ (૪)

**જ. અપવર્તન – જીવના પરિણામને કારણે પૂર્વે બાંધેલા કર્મની સ્થિતિ અને અનુભાગ (રસ)ને ઘટાડવા તે અપવર્તન.**

**ઉદ્યોત નામ – જેના ઉદયથી જીવનું શરીર શીત પ્રકાશ કરે. જેમ કે ચંદ્રના પૃથ્વીકાયનું શરીર.**

**દંસણ અંતરાયેણં – તે દર્શન અને દર્શનીના જોવાના ચશ્મા વગેરે સાધનોમાં અંતરાય પાડે.**

**અરતિ – જેના ઉદયથી જીવને ધર્મકાર્યમાં આળસ અને કંટાળો આવે.**

**(૨) માત્ર સંખ્યા લખો. (૩)**

| | **જવાબ** |
|---|---|
| ૧. શુભ નામ કર્મનો બંધ કેટલા પ્રકારે થાય? | **૪** |
| ૨. ગોત્ર કર્મના ભેદ કેટલા? | **૨** |
| ૩. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી? | **૭૦ ક્રોડાક્રોડ સાગરોપમ** |
| ૪. આયુષ્યનો અબાધાકાળ કેટલો? | **ન હોય** |
| ૫. કર્મની વિવિધ અવસ્થા કેટલી? | **૧૨** |
| ૬. નોકષાય ચારિત્ર મોહનીયની પ્રકૃતિ કેટલી? | **૯** |

**(ક) સાધુ–સાધ્વીને ગોચરી વહોરાવવાને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. ગોચરી એટલે શું? સાધુ–સાધ્વીજીને ગોચરી કેવી રીતે વહોરાવવી જોઈએ? (૨)

**જ. પંચમહાવ્રતધારી પૂ. સાધુ–સાધ્વીજીની આહાર–પાણી લેવાની વિધિને ગોચરી કહે છે. કોઇપણ જીવની હિંસા ન થાય તેવી રીતે ગોચરી વહોરાવવી.**

૨. જમતા પહેલા શું કરવું જોઈએ? (૧×૩)

**જ. જમતા પહેલા પૂ. સંતોને વહોરાવવાની ભાવના ભાવવી જોઈએ.**

૩. ક્રીતકૃત એટલે શું?

**જ. સાધુના નિમિત્તે વેચાતું લીધેલું હોય તે વહોરાવવું.**

૪. નૈવેદ્ય માટેની વસ્તુ અને સાકર વહોરાવાય કે નહિ?

**જ. નૈવેદ્ય માટેની વસ્તુ ન વહોરાવાય અને સાકર વહોરાવાય.**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. શ્રેયાંસ કુમારે સ્વપ્નમાં શું જોયું? તેમણે ઋષભદેવ ભગવાનને કેવી રીતે પારણું કરાવ્યું?

**જ. શ્રેયાંસ કુમારે સ્વપ્નમાં રાત્રે જોયું કે સોના જેવો મેરૂપર્વત કાંઈક અંશે કાળો પડી ગયો છે. આ પર્વતરાજને તેમણે દૂધથી અભિષેક કરીને ઉજળો કર્યો.**

૨. કામદેવ શ્રાવક કોણ હતા? તેમની સંપત્તિનું વર્ણન કરો.

**જ. કામદેવ શ્રાવક ગાથાપતિ હતા. તેમની સંપત્તિનું વર્ણન – છ કરોડ સુવર્ણમુદ્રા ભંડારમાં, છ કરોડ સુવર્ણમુદ્રા વેપારમાં, છ કરોડ સુવર્ણમુદ્રા અન્ય વસ્તુઓમાં અને ૬૦૦૦૦ ગાયોનું ગોકુળ તેમની પાસે હતું.**

૩. માલુકા કચ્છમાં રહેતા બે પાપી શિયાળ કેવા હતા?

**જ. ક્રોધી, કપટી અને પાપનું જ નિરંતર આચરણ કરનાર તેમ જ માંસાહારી હતા અને માંસના જ લોલુપી હતા. માંસ માટે રાત્રે ફરતા હતા.**

૪. દેવે હાથીનું રૂપ બનાવીને કામદેવ શ્રાવકને કેવી રીતે હેરાન કર્યા?

**જ. પોતાની સૂંઢમાં કામદેવને ઉપાડીને તેમને આકાશમાં ઊંચે ફંગોળ્યા. નીચે પડતા કામદેવને પોતાના દંતશૂળમાં ઝીલી નીચે જમીન પર પાડીને પોતાના પગથી ત્રણવાર રગદોળ્યા.**

૫. ઋષભદેવે ભરતને શું શીખવ્યું? તેમણે કયા કુળની રચના કરી?

**જ. વસ્ત્ર નિર્માણકળા, કેશકળા, ચિત્રકળા વગેરે પુરુષોની ૭૨ કળા ભરતને શીખવી. તેમણે અધિકારી, સૈનિક આદિનું ઉગ્રકુળ, પુરોહિત વગેરેનું ભોગકુળ, પરિવારજનોનું રાજકુળ અને બાકી સર્વેનું ક્ષત્રિયકુળ એ ચાર પ્રકારના કુળની રચના કરી.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. વિચરે વિદેહે ........ સુખકાર. | **પાના નં. ૬૪ કડી ૬/૭** |
| ૨. ઈણ અવસર્પિણી ......... અભયદાન. | **પાના નં. ૬૫ કડી ૨૦/૨૧** |
| ૩. ભગવંતની ......... વૃંદા. | **પાના નં. ૬૬ કડી ૩૧/૩૨** |
| ૪. ધન્ય પાંચે ......... સિદ્ધ. | **પાના નં. ૬૭ કડી ૪૯/૫૦** |
| ૫. નંદાદિક ......... અધિકાર. | **પાના નં. ૬૯ કડી ૭૬/૭૭** |

**જય – જિનેન્દ્ર**